# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતની અવકાશ ક્ષેત્રમાં પ્રગતિ લોકોના જીવનને સરળ બનાવી રહી છે.

2) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે ભારત-અમેરિકા વેપાર વાટાઘાટો હજુ પણ ચાલુ - સરકાર દેશના ખેડૂતો અને નાના ઉત્પાદકોના હિતોનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ.

3) ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના અસરગ્રસ્ત થરાલીમાં યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે.

4) ટપાલ વિભાગે 25 ઓગસ્ટથી અમેરિકા જતી તમામ ટપાલ વસ્તુઓનો પુરવઠો અસ્થાયી રૂપે સ્થગિત કરવાનો નિર્ણય લીધો.

5) શ્રીનગર ખાતે ત્રણ દિવસીય "ખેલો ઇન્ડિયા વોટર સ્પોર્ટ્સ ફેસ્ટિવલ"નું સમાપન થયું.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-NATIONAL SPACE DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતની અવકાશ ક્ષેત્રમાં પ્રગતિ લોકોના જીવનને સરળ બનાવી રહી છે. રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિત્તે એક વિડીયો સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે ભારત અવકાશ ટેકનોલોજીને માત્ર વૈજ્ઞાનિક સંશોધનના સાધન તરીકે જ નહીં પરંતુ જીવનને સરળ બનાવવાના સાધન તરીકે પણ જુએ છે.

(BYTE : PM GAGANYAN)

શ્રી મોદીએ કહ્યું કે ભારતમાં અવકાશ ટેકનોલોજી શાસનનો અભિન્ન ભાગ બની રહી છે.

(BYTE : PM TECHNOLOGY)

પ્રધાનમંત્રીએ જાહેરાત કરી કે ખાનગી ક્ષેત્ર દ્વારા ઉત્પાદિત પ્રથમ PSLV રોકેટ ટૂંક સમયમાં લોન્ચ કરવામાં આવશે. તેમણે ખુશી વ્યક્ત કરી કે ભારતનો પ્રથમ ખાનગી સંચાર ઉપગ્રહ પણ નિર્માણાધીન છે. શ્રી મોદીએ કહ્યું કે જાહેર-ખાનગી ભાગીદારી (PPP) દ્વારા પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ નક્ષત્ર લોન્ચ કરવાની તૈયારીઓ ચાલી રહી છે.

તેમણે કહ્યું કે બે વર્ષ પહેલાં, ભારતે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પહોંચનાર પ્રથમ દેશ બનીને ઇતિહાસ રચ્યો હતો. ભારત અવકાશમાં ડોકિંગ-અનડોકિંગ ક્ષમતા ધરાવતો વિશ્વનો ચોથો દેશ બન્યો છે. શ્રી શુક્લાએ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. જેનાથી બધા ભારતીયોને ગર્વ થયો હતો.

# AMIT SHAH- NATIONAL SPACE DAY

આજે દેશભરમાં બીજો રાષ્ટ્રીય અવકાશ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસે, ચંદ્રયાન-3 નું ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ ઉતરાણ થયું હતું.

રાષ્ટ્રીય અવકાશ દિવસ પર, ગૃહમંત્રી અમિત શાહે ચંદ્રયાન-3 મિશનને સફળ બનાવનારા અવકાશ વૈજ્ઞાનિકો અને ઇજનેરોને અભિનંદન આપ્યા. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી શાહે કહ્યું કે આ મિશનથી અવકાશ સંશોધનમાં ભારત માટે નવા આયામો ખુલ્યા છે.

# JITENDRA - NATIONAL SPACE DAY

અવકાશ રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે કહ્યું છે કે ખાનગી ક્ષેત્ર માટે અવકાશ ક્ષેત્ર ખોલવું એ છેલ્લા 11 વર્ષનો સૌથી મોટો સુધારો છે. આજે નવી દિલ્હીમાં બીજા રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણીમાં ડૉ. સિંહે કહ્યું કે અવકાશ ક્ષેત્ર સુધારા, પ્રદર્શન અને પરિવર્તનના મંત્ર સાથે આગળ વધી રહ્યું છે. ડૉ. સિંહે કહ્યું કે બે વર્ષ પહેલાં ભારતના ચંદ્રયાને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરાણ કર્યું હતું જેનાથી ભારત આવું કરનાર પ્રથમ દેશ બન્યો હતો. તેમણે કહ્યું કે તેણે વિશ્વને સંદેશ આપ્યો કે ભારત હવે કોઈનો અનુયાયી નથી.

ઈસરોના ચેરમેન ડૉ. વી. નારાયણને જણાવ્યું હતું કે 2040 સુધીમાં, ભારતીય અવકાશ કાર્યક્રમ વિશ્વના કોઈપણ અન્ય અવકાશ કાર્યક્રમની સમકક્ષ હશે. તેમણે કહ્યું કે ચંદ્રયાન-4 મિશન અને શુક્ર ઓર્બિટર મિશન જેવા એક પછી એક મિશન સુનિશ્ચિત થયેલ છે. ડૉ. નારાયણને કહ્યું કે ભારત 2035 સુધીમાં ભારતીય અવકાશ સ્ટેશન નામનું અવકાશ મથક સ્થાપિત કરશે અને તેનું પ્રથમ મોડયુલ 2028 સુધીમાં લોન્ચ કરવામાં આવશે. પ્રધાનમંત્રીએ નેક્સ્ટ જનરેશન લોન્ચર - NGL ને મંજૂરી આપી છે.

# SHUKLA- PLANETARIUM

ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાએ આજે રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિત્તે નવી દિલ્હીના નેહરુ પ્લેનેટેરિયમ ખાતે આર્યભટ્ટ ગેલેરીનું ઉદ્ઘાટન કર્યું. મીડિયા સાથે વાત કરતા, શુક્લાએ તેને ગર્વની ક્ષણ ગણાવી અને કહ્યું કે આ દેશ માટે સુવર્ણ સમય છે. તેમણે યુવા પેઢીને કહ્યું કે તેમના સપનાઓને પૂર્ણ કરવા માટે જિજ્ઞાસા કેળવવી મહત્વપૂર્ણ છે. દેશ પાસે મોટા મહત્વાકાંક્ષી સપના છે અને આ સપનાઓને વાસ્તવિકતામાં ફેરવવામાં મદદ કરશે.

(BYTE : SHUBHANSHU SHUKLA)

# CHAUHAN- SPACE DAY

કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે જણાવ્યું હતું કે ભારતીય અવકાશ સંશોધન સંગઠન-ઇસરોએ એક જીઓ-પોર્ટલ વિકસાવ્યું છે જે દુષ્કાળ, વરસાદ અને હવામાન વિશે સચોટ માહિતી આપે છે. આનાથી ખેડૂતોને તેમના પાકનું વધુ અસરકારક રીતે આયોજન કરવામાં મદદ મળશે. નવી દિલ્હીમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવણીના સત્રને વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધતા, શ્રી ચૌહાણે ખેડૂતો માટે આ પોર્ટલ વિકસાવવા બદલ ભારતીય અવકાશ વૈજ્ઞાનિકોની પ્રશંસા કરી.

(BYTE : SHIVRAJSINH CHAUHAN)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# JAISHANKAR RALLY

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે ભારત-અમેરિકા વેપાર વાટાઘાટો હજુ પણ ચાલુ છે. સરકાર દેશના ખેડૂતો અને નાના ઉત્પાદકોના હિતોનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ છે. આજે નવી દિલ્હીમાં ET વર્લ્ડ લીડર્સ ફોરમ 2025 માં તેમણે કહ્યું કે ભારત અમેરિકા સાથેની વાટાઘાટોમાં તેની મર્યાદાઓ વિશે સ્પષ્ટ છે અને હંમેશા રાષ્ટ્રીય હિતમાં નિર્ણયો લેશે. ભારતની વ્યૂહાત્મક સ્વાયત્તતા પર ભાર મૂકતા, તેમણે કહ્યું કે સરકારના તમામ નિર્ણયો રાષ્ટ્રીય હિતમાં છે.

# UTTRAKHAND RELIEF

ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના અસરગ્રસ્ત થરાલીમાં યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. જિલ્લા વહીવટીતંત્ર, સ્થાનિક પોલીસ, SDRF, NDRF, સેના, SSB અને ITBPની વિવિધ ટીમો રાહત અને બચાવ કામગીરીમાં જોડાયેલી છે.

આ ઘટનામાં એક યુવતીનો મૃતદેહ મળી આવ્યો છે, જ્યારે ચેપડો બજારમાં અન્ય એક ગુમ વ્યક્તિની શોધ ચાલુ છે. 150 થી વધુ અસરગ્રસ્ત લોકોને તાલુકા પરિસરમાં રાખવામાં આવ્યા છે, જ્યાં તેમના માટે ખોરાક, પાણી અને તબીબી સુવિધાઓ તેમજ અન્ય મૂળભૂત જરૂરિયાતોની વ્યવસ્થા કરવામાં આવી છે.

આપત્તિ વ્યવસ્થાપન અને પુનર્વસન સચિવ વિનોદ કુમાર સુમને જણાવ્યું હતું કે અસરગ્રસ્ત વિસ્તારમાં પરિસ્થિતિ સ્થિર છે અને રાહત અને બચાવ ટીમો ઝડપથી કામ કરી રહી છે.

# POSTAL DEPARTMENT - US

સંચાર મંત્રાલય હેઠળના ટપાલ વિભાગે 25 ઓગસ્ટથી અમેરિકા જતી તમામ ટપાલ વસ્તુઓનો પુરવઠો અસ્થાયી રૂપે સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. અમેરિકી સરકારના એક અધિકારીએ જણાવ્યું હતું કે આ મહિનાની 29મી તારીખથી, 800 અમેરિકી ડૉલર સુધીના માલ પર ડ્યુટી પરની મુક્તિ પાછી ખેંચી લેવામાં આવશે તે પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

પોસ્ટ વિભાગ આ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને શક્ય તેટલી વહેલી તકે સેવાઓને સામાન્ય બનાવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જે લોકોએ આવી વસ્તુઓ પહેલાથી જ બુક કરાવી લીધી છે તેઓ ટપાલ ખર્ચ પરત માંગી શકે છે. ટપાલ વિભાગે ઇન્ટરનેટ સેવામાં વિક્ષેપ માટે માફી માંગી છે.

# KHELO INDIA - WATER SPORTS FESTIVAL

શ્રીનગરના પ્રતિષ્ઠિત દાલ લેક ખાતે આજે સાંજે ત્રણ દિવસીય "ખેલો ઇન્ડિયા વોટર સ્પોર્ટ્સ ફેસ્ટિવલ"નું સમાપન થયું.

પ્રથમ ખેલો ઇન્ડિયા વોટર સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં મધ્યપ્રદેશે 10 સુવર્ણ ચંદ્રક સહિત 18 ચંદ્રક જીતીને ટોચનું સ્થાન મેળવ્યું.

મધ્યપ્રદેશ, જેણે ગઈકાલે કાયકિંગ અને કેનોઇંગમાં ચારેય ગોલ્ડ મેડલ જીત્યા હતા, આજે અંતિમ દિવસે વધુ છ ગોલ્ડ મેડલ જીત્યા.

# AFGHANISTAN ACCIDENT

દક્ષિણ અફઘાનિસ્તાનના હેલમંડ પ્રાંતમાં ટ્રેક્ટર નદીમાં પડતાં બાર લોકોના મોત અને ચાર ઘાયલ થયા હતા. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, ત્રણ મહિલાઓ અને નવ બાળકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. સુરક્ષા કર્મચારીઓએ 14 લોકોને બચાવ્યા છે.

# SRI LANKA-RANIL HOSPITAL

ભ્રષ્ટાચારના આરોપસર કસ્ટડીમાં લેવામાં આવેલા શ્રીલંકાના પૂર્વ રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેને આરોગ્યના કારણોસર કોલંબોની રાષ્ટ્રીય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જેલ અધિકારીઓએ જણાવ્યું છે કે તેમના આરોગ્યની તપાસ કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. વિક્રમસિંઘે પર રાષ્ટ્રપતિપદના સમયગાળા દરમિયાન સરકારી ભંડોળનો કથિત દુરુપયોગ કરવાનો આરોપ છે.

# NETHERLANDS FOREIGN MINISTER- RESIGNS

ગાઝામાં ઇઝરાયલના લશ્કરી કાર્યવાહી સામે કડક પ્રતિબંધો માટે સરકારી સમર્થન મેળવવામાં નિષ્ફળ ગયા બાદ નેધરલેન્ડના વિદેશ મંત્રી કેસ્પર વેલ્ડકેમ્પે રાજીનામું આપી દીધું છે. ઇઝરાયલમાં નેધરલેન્ડના રાજદૂત રહેલા શ્રી વેલ્ડકેમ્પે કહ્યું હતું કે તેમને સમર્થન મળી શક્યું નથી કારણ કે કેટલાક મંત્રીઓ વર્તમાન પ્રતિબંધોના અમલીકરણને પણ અવરોધી રહ્યા હતા.